Extra No. 329

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, SEPTEMBER 19, 2025 / BHADRA 28, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

તારીખ: ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **સન ૨૦૨૫**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક: ૧૪** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 14 OF 2025.

THE GUJARAT CLINICAL ESTABLISHMENTS (REGISTRATION AND REGULATION) (SECOND AMENDMENT) ACT, 2025.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૨૫ના સપ્ટેમ્બર મહિનાની ૧૮-મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 14 OF 2025.

AN ACT

further to amend the Gujarat Clinical Establishments (Registration and Regulation) Act, 2021.

સન ૨૦૨૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૪.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૨૫ના સપ્ટેમ્બર મહિનાની ૧૯-મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના છોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૨૫ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

૨. ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧માં, કલમ ૯માં, પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:- સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

"(૪) આ અધિનિયમના આરંભના સમયે, કોઈ ચિકિત્સા સંસ્થા અસ્તિત્વ ધરાવતી હોય, તો તેના રજિસ્ટ્રેશન માટેની અરજી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં કરવી જોઈશે અને આ અધિનિયમના આરંભ પછી અસ્તિત્વમાં આવે તેવી ચિકિત્સા સંસ્થાએ, કલમ ૧૮ની જોગવાઈઓને અધીન રહીને, તેની સ્થાપનાની તારીખથી છ મહિનાની મુદતની અંદર અથવા તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં, એ બેમાંથી જે મોડું હોય તેટલી મુદતની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઈશે.".

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.14 13:49:58 IST